# સ્ટોક બ્રોકર/ શેર દલાલ

સ્ટોકબ્રોકર એ એક એજન્ટ અથવા તો પેઢી છે જે રોકાણકાર માટે સ્ટોક એક્સચેન્જમાં સ્ટોક અને સિક્યોરિટીઝ ખરીદવા અને વેચવા માટે ફી અથવા કમિશન લે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે મહત્વાકાંક્ષી વ્યક્તિ છો અને તમારા માટે લક્ષ્ય નિર્ધારીત કરો છો
- તમને નાણાકીય બાબતોમાં રસ ધરાવો છો
- તમે કુશળતાપૂર્વક સંવાદ અને વાટાઘાટો કરી શકો છો



આ કોર્સ માટેની ફી આશરે **રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે. સેબી સાથે નોંધણી કરાવવાથી લઈને તમારી પોતાની ઓળખ સ્થાતિ કરવા સુધીનો કુલ ખર્ચ આશરે **રૂ. ૨,૫૦,૦૦૦ - ૫૦,૦૦,૦૦૦** જેટલો હોય શકે છે.*

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** – **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨. વાણિજ્ય / અર્થશાસ્ત્ર / એકાઉન્ટિંગ / ફાઇનાન્સ અથવા સંબંધિત ક્ષેત્રોમાં સ્નાતકની પદવી, અધિકૃત સહાયક અથવા અધિકૃત ક્લાર્ક તરીકે અથવા રીમિસિયર અથવા રજિસ્ટર્ડ સ્ટોક બ્રોકરના એપ્રેન્ટિસ તરીકે બે વર્ષનો કાર્ય અનુભવ મેળવો. નોંધણી કરો અને સ્ટોક એક્સચેન્જના સભ્ય બનો. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી), નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NISM) તરફથી પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરો (તમે ડિપ્લોમા અથવા માસ્ટર ડિગ્રી પછી પણ આ માર્ગ પસંદ કરી શકો છો).

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સ્ટોક બ્રોકરની અંદાજીત માસિક આવક આશરે **રૂ. ૧૬,૦૦૦ થી ૨,૫૦,૦૦૦*** જેટલી અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Stock_Broker/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બ્રોકરેજ પેઢીઓ/સંસ્થાઓ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારો પોતાનો વ્યવસાય શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરવું પડી શકે છે. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

સબ-બ્રોકર, શેર બજાર → બ્રોકર, શેર બજાર → ક્લસ્ટર મેનેજર, બજાર → બ્રાન્ચ મેનેજર, શેર બજાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

દલાલ સ્ટ્રીટ, શેર માર્કેટ, ફુલ-સર્વિસ બ્રોકર, ડિસ્કાઉન્ટ બ્રોકર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લખનૌ યુનિવર્સિટી
૨. મુંબઈ યુનિવર્સિટી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલય, ઈન્દોર
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. સેન્ટ ઝેવિર્યસ, અમદાવાદ
૨. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૫. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજસ્થાન
૬. ગલગોટીયાસ યુનિવર્સિટી, નોઈડા
૭. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર, તમિલનાડુ
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**દીના મહેતા** ભારતની પ્રથમ મહિલા સ્ટોક બ્રોકર છે. તે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને તેણીએ મેનેજમેન્ટ સ્ટડીઝ (ફાઈનાન્સ)માં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. મહેતા, બોમ્બે સ્ટોક એક્સચેન્જના ભૂતપૂર્વ પ્રમુખ હતા. તે બી.એસ.સી.ના બોર્ડમાં પ્રથમ મહિલા ડિરેક્ટર તેમજ પ્રથમ મહિલા પ્રમુખ પણ હતા. *

સ્ત્રોત:
https://www.investmentz.com/deenas-world

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.